# FIRSTVIEW 1.0 એકાઉન્ટ બનાવો

## પ્રથમ પગલું: એપ્લિકેશન ડાઉનલોડ કરો, એકાઉન્ટ બનાવો અને લોગ ઇન કરો

Download on the App Store

GET IT ON Google Play







- તમે myfirstview.com પર જઈને પણ FirstView 1.0 એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો.
- એકાઉન્ટ બનાવતી વખતે, વપરાશકર્તાઓ (યુઝર) એ પોતાનું ઇમેઇલ દાખલ કરવાનું રહેશે, એક પાસવર્ડ બનાવવાનો રહેશે, પ્રથમ નામ, છેલ્લું નામ, અને ફોન નંબર દાખલ કરવાનું રહેશે. FirstView એકાઉન્ટ માટે રજીસ્ટર (નોંધણી) કરીને અને તેનો ઉપયોગ કરીને, તમે અમારી ઉપયોગની શરતો અને ગોપનીયતા નીતિ સાથે પણ સંમત થાઓ છો.

*નોંધ: બધા જ ઉપકરણો કામ કરશે (સુસંગત) નહિ અને તેમાં ઓછામાં ઓછી આવશ્યક ઓપરેટિંગ સિસ્ટમ અને ક્ષેત્રની આવશ્યકતાઓ પૂર્ણ થવી જરૂરી છે.*

# તમારા વિદ્યાર્થી(ઓ) ને એડ (જોડો) કરો

## બીજું પગલું:
## ડિસ્ટ્રિક્ટ (જિલ્લા) કોડ દાખલ કરો




તમારા વિદ્યાર્થીના ડિસ્ટ્રિક્ટનો વિશિષ્ટ 5-અક્ષરનો ડિસ્ટ્રિક્ટ કોડ દાખલ કરો.

- જો તમને તમારા વિદ્યાર્થીના ડિસ્ટ્રિક્ટ કોડની જાણ ન હોય અથવા તો જો તમને ખાતરી ન હોય કે એપ્લિકેશનમાં તમારા વિદ્યાર્થી માટે તમારા ડિસ્ટ્રિક્ટમાં ટ્રેકિંગ ઉપલબ્ધ છે કે નહીં, તો કૃપા કરીને તમારા વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરો અથવા એપ્લિકેશનમાં, સહાય માટે Contact Support (**સંપર્ક સહાય**) દબાવો.

# તમારા વિદ્યાર્થી(ઓ) ને મેન્યુઅલી (આપમેળે) જોડો



## ત્રીજું પગલું:
## વિદ્યાર્થીની વિગત દાખલ કરો

તમારા વિદ્યાર્થીના ડિસ્ટ્રિક્ટનું નામ હવે સ્ક્રીનની ઉપરના ભાગમાં પ્રદર્શિત કરવામાં આવશે.

- તમારા વિદ્યાર્થીનું પ્રથમ અને છેલ્લું નામ દાખલ કરો.



# તમારા વિદ્યાર્થી(ઓ) ને મેન્યુઅલી (આપમેળે) જોડો

## ચોથું પગલું:
## વિદ્યાર્થીની શાળાની હાજરી જોડો

1. સૂચીમાંથી તમારા વિદ્યાર્થીની શાળાની હાજરીને શોધો અને પસંદ કરો.

વૈકલ્પિક: તમે 5 વધારાની શાળાઓ જોડી શકો છો. ઉદાહરણ: જો તમારો વિદ્યાર્થી તે જે શાળામાં જતો હોય, તેને બહારની કોઈ વૈકલ્પિક શાળામાં અથવા કોઈ કાર્યક્રમમાં લઈ જવામાં આવે છે.

2. એકવાર ખાતરી થઈ ગયા પછી, તમે તમારા વિદ્યાર્થીને સફળતાપૂર્વક જોડી (એડ કરી) લીધો છે અને તમે ટ્રેકિંગ મેપ સ્ક્રીનનો ઉપયોગ કરી શકશો જેમાં તમે તેઓની ટ્રિપો અને ટ્રેકિંગ માટે સૂચનાઓ જોડી શકો છો.






# જાતે જ યાત્રા(ઓ) એડ કરો

## પાંચમું પગલું:
## વિદ્યાર્થીની ટ્રીપ(યાત્રાઓ) અને સૂચનાઓ એડ કરો

1. તમને તમારા વિદ્યાર્થી માટે જે યાત્રા(ઓ) પસંદ હોય તેઓના રૂટ (રસ્તા) અથવા રન પસંદ કરીને યાત્રા(ઓ)ની પસંદગી કરો.
2. ટ્રિપ(પો) એડ થઈ ગયા પછી, તમને ડિસ્ટન્સ (અંતર) ની સૂચનાઓ સેટ કરવા માટે કહેવામાં આવશે, જેથી કરીને જ્યારે વાહન તમારા વિદ્યાર્થીના સ્ટોપની નજીક પહોંચે, ત્યારે તમને સૂચનાઓ પ્રાપ્ત થઈ શકે. પ્રતિ યાત્રા 3 જેટલી ડિસ્ટન્સ સૂચનાઓ એડ કરો.

- Set Notifications (સૂચનાઓ સેટ) કરવા માટે, નકશા (મેપ) પર નોટિફિકેશન બેલ (સૂચના ઘંટડી) દબાવીને, અથવા નોટિફિકેશન સેટિંગ્સમાં જઈને ક્લિક કરો. સૂચનાઓ પુશ એલર્ટ દ્વારા મોકલવામાં આવે છે અને એપ્લિકેશનના સૂચના કેન્દ્રમાં જોવા મળે છે.






# અંતર (ડિસ્ટન્સ) સૂચનાઓ રૂપરેખાંકિત (સેટ) કરો

## છઠ્ઠું પગલું:
## અંતર સૂચનાને કસ્ટમાઇઝ (બદલવી) કરો

1. તમારા નોટિફિકેશન પિનપોઇન્ટને સેટ કરો, જેને સામાન્ય રીતે વિદ્યાર્થીના સ્ટોપનું સરનામું કહેવામાં આવે છે. તમે આ નોટિફિકેશનને કોઈ નામ પણ આપી શકો છો.
2. તમારી નોટિફિકેશનવાળી જગ્યાને એવી રીતે એડજસ્ટ કરો કે જ્યારે તે વાહન તમારા નિર્દિષ્ટ ક્ષેત્રમાં પ્રવેશ કરે ત્યારે જ તમારી પાસે એલર્ટ આવે. તમે આ માર્કર (સૂચક) ને 250 ફૂટથી 2 માઇલ (અથવા તમારા ફોનના સેટિંગ્સના આધારે 80 મીટરથી 3.2 કિ.મી. સુધી ખેંચી શકો છો).
3. તેને તમારા વિદ્યાર્થીની એક અથવા વધુ યાત્રાઓ માટે નક્કી કરો. એવી ભલામણ કરવામાં આવે છે કે તમે એલર્ટ માટે સમયરેખાને તમારી મુજબ સેટ કરો, અને તે વાતની ખાતરી કરો કે તમને ત્યારે જ નોટિફિકેશન પ્રાપ્ત થાય જ્યારે તે વાહન તમારા વિદ્યાર્થીના સ્ટોપ પર આવી રહ્યું હોય, ત્યારે નહિ કે જ્યારે તે પહેલા પિક-અપ અથવા ડ્રોપ-ઓફ માટે ત્યાંથી પસાર થઈ રહ્યું હોય.






# વિદ્યાર્થીની યાત્રાને ટ્રેક કરવા માટે તૈયાર

## સાતમું પગલું:
## ટ્રેકિંગ શરૂ કરો!

વિદ્યાર્થીના નામવાળા સર્કલને દબાવીને અને ઉપરની તરફ સ્વાઇપ કરીને, તમને વિદ્યાર્થીની વર્તમાન અથવા આગામી યાત્રાને લગતી માહિતી જોવા મળશે, અને:

- નકશા પર વાસ્તવિક સમયમાં બસનું સ્થાન
- ટ્રિપ સ્ટેટસ અને ડિસ્ટન્સ નોટિફિકેશનની વિગતો
- સુનિશ્ચિત/આવી પહોંચેલ સમયની સાથે પિક-અપ અને ડ્રોપ-ઓફ સરનામાંઓ
- તમારા વિદ્યાર્થીની યાત્રા માટે વાહન બસ નંબર અને રન નંબર

એપ્લિકેશનને લગતા કોઈપણ પ્રશ્નો હોય, તો FirstView ગ્રાહક સહાયનો સંપર્ક કરો, સોમવાર – શુક્રવાર સવારે 7:00 થી સાંજના 5:00 ET કલાક સુધી:

- support@myfirstview.com
- ટોલ ફ્રી: 1 (888) 889-8920 | સ્થાનિક: (513) 419-2921
- Contact Support (સહાય સંપર્ક) બટન દ્વારા એપમાં ફીડબેક




